ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા.૦૨/૧૦/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી ..............................,
ભાવનગર.

## જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં બાળ વૈજ્ઞાનિકોએ રજૂ કર્યા પોતાના પ્રોજેકટો

### કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા યોજાયેલ.

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ પુરસ્કૃત **(NCSC)** નેટવર્ક હેઠળ સમગ્ર ભારતમાં છેલ્લા ૨૨ વર્ષથી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ પ્રોજેકટ કાર્યરત છે. આ વર્ષથી સમગ્ર ગુજરાતમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ & ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા આ પ્રવૃતિનું સંચાલન થનાર છે. જેના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સંમેલનનું આયોજન **તા.૨૬મી સપ્ટેમ્બરને શનિવારના રોજ સવારના ૯:૩૦ થી ૩:૦૦ દરમિયાન શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, સરદારનગર** ભાવનગર ખાતે કરવામાં આવેલ.

આ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ પ્રોજેકટ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પૂ. કે.પી.સ્વામિ (સ્વામિનારાયણ ગુરૂકૂળ), ડૉ. જયંતભાઈ વ્યાસ.(ડીર્પા. ઓફ એજયુ.,એમ.કે.બી.યુનિ.) ડૉ. આઈ.આર. ગઢવી (ડીર્પા. ઓફ લાઈફ સાયન્સ એમ.કે.બી.યુનિ.) ડૉ. સતીષ પાઠક (રીર્ટા. સાયન્ટીસ્ટ એકસેલ ક્રોપ કેર) ડૉ.ભાવેશભાઈ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) ઉપસ્થિત રહેલ. જેમણે પ્રાસંગિક ઉદબોધન કરી બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરેલ.

આ પ્રવૃતિમાં જિલ્લાની ઉચ્ચ પ્રાથ. અને માધ્યમિક શાળાઓના ઉંમર વર્ષ ૧૦ થી ૧૪ (જુનિયર) અને ૧૪ થી ૧૭ (સિનીયર) સુધીના બે ગ્રુપમાં હવામાનની સમજ મેળવવી (Understanding Of Weather And Climate) થીમ અને છ પેટા વિષયોમાંથી શાળાએ પસંદ કરેલ વિષય પર શાળાના ટીમના લિડર વિધાર્થીએ આઠ મિનિટ પ્રેઝન્ટેશન કરેલ.

આ જિલ્લા કક્ષાના બાળ વિજ્ઞાન સંમેલનના કાર્યક્રમમાં જિલ્લાના કુલ મળીને ૪૫ શાળાના બાળ વૈજ્ઞાનિકોની રાજય સ્તરે પોતાના પ્રોજેકટને રજૂઆત કરવા માટે પસંદગી કરવામાં આવેલ. જેમાં **પંડયા કુલદીપ** (ધનેશ મહેતા હાઈસ્કુલ, ભાવનગર) **કુ.મોણપરા જેન્સી** (જગદિશ્વરાનંદ પ્રા.શાળા, નારી) **કુ.ભાવિકા શીરકે** (એન.સી.ગાંધી કુમારી વિદ્યા મંદિર, ભાવનગર) **કુ.ડોંડા હસ્તિ** (એમ. એસ. લખાણી કન્યા વિદ્યાલય, ભાવનગર) **ઉત્સવ વ્યાસ** (સ્વામિનારાયણ હાઈસ્કુલ, સરદારનગર, ભાવનગર) **ઉંચડીયા અફજલ** (ધનેશ મહેતા હાઈસ્કુલ,ભાવનગર) **કુ.સાધના કટારીયા** (ભાદ્રોડ પ્રા. શાળા, ભાદ્રોડ) **મૌલિક વાળા** (ધ્રુપકા પ્રા.શાળા, ધ્રુપકા) **કંટારીયા શૈલેષ** (જુના રતનપર પ્રા.શાળા, રતનપર) **જોગરાણા કિશન** (જન એજયુ. ભાવનગર) **પારેખ ચેતસ** (સ્વામિનારાયણ હાઈસ્કુલ, ભાવનગર) **સમીર ગડા** (આર.યુ. રાંભિયા હાઈસ્કુલ, સોનગઢ) નો સમાવેશ થાય છે. તમામ વિજેતા બાળ વૈજ્ઞાનિકોને સંસ્થાના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડ તથા નિર્ણાયકશ્રીઓએ અભિનંદન આપીને રાજય સ્તરે સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવી હતી.

પ્રી.પી.ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.